જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૧/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૭૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૨	૧	૧૧૭૧૩	૧૭૮૨૨	૧	૧૭૮૨૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૦	૦	૧૨૦	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૬૧૧	૧૮૦	૭૩૭૯૧	૭૪૬૮૧	૧૮૨	૭૪૮૬૩
કુલ		૯૦૧૭૬	૧૮૧	૯૦૩૫૭	૯૯૧૮૨	૧૮૩	૯૯૩૬૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૯૩	૨,૯૩,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૪૭	૪,૪૭,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૮૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૪ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી ૧૧,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૮૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૦૮૨/૨૦૨૧**

ઓઢવઃ નટવરભાઈ વિસાભાઈ ઠક્કર (રહે. મુકેશનગર રાજેન્દ્ર પાર્ક કેનાલ રોડ ઓઢવ) એ તા.૧૪/૧૧/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૧ રાતના ૯/૧૫ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની કાનની બુટ્ટીનો સેટ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

પાલડીઃ અરૂણાબહેન તે કીરીટભાઇ અમુભાઇ તેલીની વિધવા (ઉ.વ.૭૯) (રહે.નવપદ સોસાયટી અમુલ સોસાયટી પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી હિરાનો સોના જડીત નેક્લેસ, એક જોડી કાનમા પહેરવાની કાપ (બુટ્ટી) અને રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૮૩/૨૦૨૧**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ઓમપ્રકાશ રામસુખ ચૌહાણ (ઉ.વ.૪૧) (રહે.ગાયત્રીનગર બચુભાઈના કુવા પાસે વટવા) તા.૧૪/૧૧/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે આવકાર હોલ ચાર રસ્તાથી ઘોડાસર ચાર રસ્તા તરફ જતા કેનાલ ઉપર સહજાનંદ ગ્રેઈન સેલ્સ નામની દુકાન સામેથી સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાયકલને ટક્કર મારતા ઓમપ્રકાશ ચૌહાણ પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઓમપ્રકાશ ચૌહાણના ભત્રીજા મહેશકુમાર રામબરન ચૌહાણે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૮૪/૨૦૨૧**

રામોલઃ શાહીનાબનુ ડો/ઓ મોહમદજમસેદ શેખ (ઉ.વ.૧૮) (રહે. ભાવડાનગર મદ્રેસાના મકાન ફરીદાબાદ સોસાયટી પાસે સી.ટી.એમ. રામોલ) તા.૧૪/૧૧/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પાણી ભરવા માટે પાણીની વિજ મોટર ચાલુ કરી પાઇપ ભારવવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ લઈ જતાં ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૮૫/૨૦૨૧**

વાડજઃ દીલીપસિહ રણજીતસિંહ શેખાવત (ઉ.વ.૩૪) (રહે.સુભાષનગર સ્નેહ સંગમ સોસાયટીની બાજુમા સોરાબજી કંપાઉન્ડ જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

સાબરમતીઃ દિનેશભાઈ રામશંકર કોરી (ઉ.વ.૨૪) (રહે. જંયતીભાઈ પટેલની ચાલી કાળીગામ તલાવડી પાસે કાળીગામ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૧ બપોરના ૨/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના સળીયા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ નિરવકુમાર ગીરીશકુમાર પંડ્યા (ઉ.વ.૨૧) (રહે. સોલંકીની ખડકી આંબેડકર હોલની બાજુમાં સૈજપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સૈજપુર જી.ડી.રોડ સાંઈનાથ એસ્ટેટ ખાતે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતીરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.